### લોકડાઉન વચ્ચે બે સપ્તાહથી

# શહેરમાં ખાનગી દવાખાના બંધ રહેતા દર્દીઓને હાલાકી

**દરેક સેક્ટરોમાં દવાખાનાને તાળા વાગી જતા નાની મોટી તકલીફ વેળાએ પણ સિનિયર સિટીઝન્સ તેમજ બાળકોને પણ સિવિલ જવાની ફરજ પડે છે : ખાનગી તબીબો પણ માનવતા દાખવે નાગરિકોનો સુર : સેક્ટરોમાં દવાની દુકાનો ખુલ્લી પણ ખાનગી દવાખાના બંધ**

ગાંધીનગર તા ૭

શહેરમાં હાલ કોરોના વાયરસના લીધે છેલ્લા બે સપ્તાહથી લોકડાઉન છે. ત્યારે નગરના શોપિંગ બજારો અને શાળા કોલેજો પણ બંધ છે. કોરોના વાયરસની મહામારીથી બચવા માટે સરકારની ગાઈડલાઈન મુજબ નાગરિકો ઘરમાં જ રહે અને સુરક્ષિત રહે તે માટે રોજબરોજ અપીલ પણ કરવામાં આવી રહી છે. જયારે અત્યાર સુધી શહેરમાં લોકડાઉનનો સફળ અમલ પણ કરાયો છે. આ લોકડાઉન વચ્ચે આમ નાગરિકોને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ મળી રહે તેવી વ્યવસ્થા પણ સરકારે કરી છે. પરંતુ હજુ પણ દર્દીઓની હાલત કફોડી છે. અલબત્ત શહેરમાં છેલ્લા બે સપ્તાહથી ખાનગી દવાખાનાઓ બંધ છે. જેમાં કોઈ ડોકટર સારવાર આપતા નથી. જેના લીધે સામાન્ય બિમારીને અનુલક્ષીને દર્દીઓએ સારવાર મેળવવા માત્ર સિવિલ હોસ્પિટલ પર આધાર રાખવો પડે છે. હાલ બદલાતા ઋતુ ચક્ર વચ્ચે નાગરિકો વાયરલ ફીવર સહીતની અનેક નાનીમોટી બિમારીઓથી પરેશાન છે. જયારે કોરોના સંક્રમિત ન થઈ જવાય તેવો ભય પણ પ્રબળ બન્યો છે. ત્યારે પ્રત્યેક સેકટરોમાંથી નાગરિકોએ તાવ શરદી કે અન્ય તકલીફ માટે સિવીલ જ જવાની ફરજ પડે છે. શહેરમાં આડા દિવસોમાં સેકટરે સેકટરે ખાનગી ડોકટરોના દવાખાના ધમધમતા જોવા મળે છે. ત્યારે દરેક સેકટરમાંથી નાની મોટી સારવાર અર્થે સિવિલ જતા દર્દીઓમાં કોરાના સંક્રમિત થવાનો ભય પણ વિશેષ હોવાનુ ચર્ચાસ્થાને છે. સેકટરોમાં સ્થાનિકોને ખાનગી દવાખાનામાંથી જ સારવાર મળી રહે તે મુજબનુ આયોજન થાય તેવી પણ માંગ સેકટરવાસીઓમાં ઉઠવા પામી છે. જેથી સામાન્ય બીમારી માટે સિનિયર સીટીઝન્સ સહીત નાના બાળકો તેમજ મહીલાઓએ પણ

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં ૪૨ હજારથી વધુનો હાઉસ ટુ હાઉસ સર્વે

**બાયો મેડીકલ વેસ્ટના કલેક્શન માટે અલગ વાહન ફળવાયા : ૨૧૪૩ લોકોએ ફોન કરી કોરોના અંગે માર્ગદર્શન મેળવ્યુ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં મનપાની ૩૨ ટીમો દ્વારા કન્ટેનમેન્ટ જોન અને બફર જોનમાં આવેલા સેક્ટરોના ૧૨૨૮૦ ઘરોમાં ૪૨,૩૮૬ વ્યક્તીઓનો હાઉસ ટુ હાઉસ સર્વે આજે પૂર્ણ થયો છે.

મનપાની યાદીમાં જણાવાયા મુજબ સે. ૨૩ અને સે. ૨૯ને કન્ટેનમેન્ટ વિસ્તારમાં મુકવામાં આવ્યો છે. જ્યારે સે. ૧૫, ૧૬, ૧૭, ૨૧, ૨૨, ૨૪, ૨૭, ૨૮, ૩૦ ને બફર ઝોનમાં ગણવામાં આવેલ છે.

બીજી તરફ મનપાના હંગામી શેલ્ટર હોમમાં હાલ ૫૭ જેટલા આશ્રય લઈ રહ્યા છે જેમાં ૫૦ પુરૂષ અને ૭ મહિલાનો સમાવેશ થાય છે.

મનપા દ્વારા કાર્યરત કરવામાં આવેલ કંટ્રોલરૂમમાં અત્યાર સુધીમાં ૨૧૪૩ વ્યક્તીઓએ ફોન કરી અને નોવેલ કોરોના વાયરસ અને તેના લક્ષણો અંગે પૃચ્છા કરી છે. મનપાએ બાયોમેડિકલ વેસ્ટના કલેકશન માટે ખાસ ગાડીઓની અલગથી ફાળવણી કરી અને તેના કલેકશન માટેની વ્યવસ્થા હાથ ધરી હોવાનું પણ આ અખબારી યાદીમાં જણાવાયુ છે.

આ યાદીમાં જણાવાયા મુજબ મનપાના ફેસેલીટી સેન્ટરોમાં હાલ ૧૪ વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જ્યારે ૧૧૪ લોકો આજે પણ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.



પ્રાકૃતિક વૈભવ - ભલે શહેરમા માર્ગો અને મકાનો શોભા બનીને ઉભા હોય... ભવ્ય ઈમારતો અવનવી ડિઝાઈનમાં નિર્માણ પામતા હોય... પરંતુ પાટનગરનો પ્રાકૃતિક વૈભવ અણમોલ છે... શહેરના મુખ્યમાર્ગોની બંને બાજુ લહેરાતી વૃક્ષોની હરિયાળી ડાળીઓ શહેરની શોભા વધારે છે... પાનખર હવે વિદાય લઈ રહી છે અને નવા પાન વૃક્ષો પર ફુટી રહ્યા છે ત્યારે નગરનો વૃક્ષોનો વૈભવ વધુને વધુ ખીલી ઉઠશે...

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩ શંકાસ્પદ દર્દીઓને દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કોરોનાના વધુ ત્રણ શંકાસ્પદ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીઓના નમૂના મેળવી અને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. જેમના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

અગાઉ પણ એક મહિલા જે આંતર રાજ્ય પ્રવાસ કરીને પરત ફરી હતી તેનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.

ગાંધીનગર સિવિલમાં હાલ ૧૪ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. ગાંધીનગર સિવિલમાં દાખલ થયેલ દર્દીઓ પૈકી બે મહિલા દર્દીઓએ રોગ પ્રતિકારક શક્તિ પ્રાપ્ત કરી લેતાં તેમને રજા આપવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિડ-૨૦૧૯માં તબદીલ કરવાની કામગીરી પણ વેગીલી બનાવવામાં આવી છે. આ અંગે બેઠકોનો દોર હાલ ચાલી રહ્યો છે.

# દિવસની સાથે રાત્રિના પણ ગરમીનો અહેસાસ લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડીગ્રી

**દિવસે આકાશમાં અંગારા વરસી રહ્યા છે જયારે રાત્રિના પણ નગરજનો હવે ગરમીનો અહેસાસ કરી રહ્યા છે**

ગાંધીનગર તા ૭

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો સતત ઉંચે ચઢતો જોવા મળી રહ્યો છે. જયારે આજે ગરમીનુ પ્રમાણ એક ડીગ્રી ઘટયુ હતુ બીજીતરફ લઘુત્તમ તાપમાન પણ ૩.૫ ડીગ્રી વધતા નગરજનો હવે સાંજ ઢળ્યા બાદ રાત્રિના પણ ગરમી અનુભવી રહ્યા છે. લોકડાઉનમાં ઘરમાં કેદ નાગરિકો આકરી ગરમીથી પણ વ્યાકુળ છે.

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો ઉપર ચઢી રહ્યો છે. જો કે આજે મહત્તમ તાપમાન એક ડીગ્રી નીચે આવ્યુ હતુ પરંતુ લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. રાત્રિનુ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં આજે ૩.૫ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. અલબત્ત ગઈકાલે લઘુત્તમ તાપમાન ૨૧ ડીગ્રી હતુ જયારે આજે ન્યુન્તમ તાપમાન ૨૪.૫ ડીગ્રી નોંધાયુ હતુ. રાત્રિનુ તાપમાન એકાએક વધતા નગરજનો સાંજ ઢળ્યા બાદ પણ વાતાવરણમાં ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. રાત્રિના પણ ગરમીથી અકળાતા શહેરીજનો લોકડાઉનની અસર વચ્ચે ઘરની બહાર નિકળી શકતા નથી. ત્યારે ઘરમાં રહીને પણ અકળાયા છે. એકબાજુ છેલ્લા બે સપ્તાહથી લોકડાઉન વચ્ચે ઘરમાં રહેવાનુ ફરજિયાત છે. અલબત્ત સરકારની ગાઈડ લાઈનમુજબ ઘરમાં રેહવાની સાથે સોશિયલ ડીસ્ટન્સીંગ રાખવુ પણ અનિવાર્ય છે. ત્યારે દિવસે ઘરમાં પુરાયેલા નાગરિકોને હવે રાત્રિના સમયે ગરમી પણ અકળાવી રહી છે. હજુ આગામી દિવસોમાં ગરમીનો પારો ઉંચો જાય તેવી સંભાવના છે. જયારે હાલના દિવસોમાં દિવસનુ તાપમાન વધ્યા બાદ હવે રાત્રિના પણ ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જયારે ભેજનુ પ્રમાણ પણ ૨૭ થી ૫૩ ટકા રહ્યુ હતુ.

# જિલ્લામાં ઉનાળુ પાકના વાવેતરનો આરંભ કરાયો

**અત્યાર સુધી ૨૧ હજાર હેક્ટરમાં નોંધાયુ : બાજરી અને શાકભાજીનું વાવેતર નોંધપાત્ર થયુ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ઉનાળાના ધીમી ગતિએ આગમનની સાથે જ ખેડૂતો દ્વારા ઉનાળુ પાકોનું વાવેતરનો આરંભ થયો છે. જો કે હજુ ઘણા ગામોમાં રવિ પાકની લણણીની કામગીરી ચાલી રહી છે.

આ કામગીરી પુરી થતાં જ ઉનાળુ વાવેતરમાં વેગ આવશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૧ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. જોકે ઉનાળાની ઋતુ દરમ્યાન અંદાજે ૬૦ હજાર હેક્ટર જેટલુ વાવેતર સરેરાશ થતુ આવ્યુ છે.

જિલ્લામાં ઉનાળુ વાવેતર સૌથી વધારે દહેગામ તાલુકામાં ૬૪૦૧ હેક્ટરમાં, માણસામાં ૬૧૫૧ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૫૪૦૦ હેક્ટરમાં તથા કલોલમાં ૩૨૫૧ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

મળતા અહેવાલો પ્રમાણે બાજરીનું ૪૭૮૭ હેક્ટરમાં, મકાઈનું ૩૩ હેક્ટરમાં, મગનું ૨૦૬ હેક્ટરમાં, મગફળીનું ૨૮ હેક્ટરમાં તથા શાકભાજીનું વાવેતર ૩ હજાર હેક્ટરમાં થયુ છે.

ખેડૂતો દ્વારા પશુધન માટે ઘાસચારાના વાવેતરને પણ અગ્રતા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૧૨,૧૩૫ હેક્ટરમાં ઘાસચારાના પાકનું વાવેતર થયું છે.

જિલ્લામાં હાલ લોકડાઉનનો અમલ હોવાથી હજુ ખેતરોમાં રવિ સીઝનનો પાક ઉભો છે. આ વખતે ઉનાળુ મગફળીનું વાવેતર હવે પછી થશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં ગત વર્ષે ૫ હજાર હેક્ટરમાં આ પાકનું વાવેતર થયુ હતુ.

ખેડૂતો દ્વારા શાકભાજીના પાકનું વાવેતર પણ આગામી દિવસોમાં થશે તેમ મનાઈ રહ્યું છે.

### કોરોનાની સાઈડ ઈફેક્ટ

# શહેરી પ્રાણીઓ ભયભિત છે, જ્યારે વન્યપ્રાણીઓ નિર્ભય બન્યા



દરેક આઘાતનો પ્રત્યાઘાત હોય છે તે વૈશ્વિક થિયરી છે. પૃથ્વી પર જે કંઈ બની રહ્યું છે તે કોઈ પણ સ્થિતિના કારણે નિર્માણ થતી પરિસ્થિતિ હોય છે. એક સમયે માનવ પણ જયારે આદિમ અવસ્થામાં હતો ત્યારે પ્રકૃતિના સહજ લય સાથે જીવતો હતો. પણ અન્ય પ્રાણીઓથી અલગ પડીને વિકાસ સાધીને સમગ્ર પૃથ્વી પર પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું.



આજકાલ કોરોનાના કહેરના કારણે માનવ ઘરમાં કેદ થયો, અને પ્રાણી પક્ષીઓને મળી માનવ સમાજની ખલેલામાંથી સ્વતંત્રતા. છેલ્લા લગભગ ને અઠવાડિયાથી લાગુ થયેલા લોકડાઉનના પ્રથમ બે દિવસ બાદ તરત જ સમગ્ર ભારતમાંથી ચોશીંગા, નીલગાય જેવા પ્રાણીઓ નગરોની સડક પર લટાર મારતા હોટલય તેવા વિઝ્યુઅલ્સ જોવા મળ્યા, દક્ષિણ ભારતમાં જંગલની નજીક આવેલા હાથીઓ નાના ગામોની સડકો પરથી પસાર થયાનું નોંધાયું છે. આપણાં ગાંધીનગરમાં દરેક સેક્ટરના લગભગ દરેક ચાર રસ્તે શેરીના કુતરાઓની એક ટોળી હોય જ છે. આ ટોળીનો હૃષ્ટપૃષ્ટ લીડર ડાઘીયો ત્યાંથી પસાર થતાં ચોક્કસ પ્રકારના વાહનો પાછળ પડતા જોવા મળતા હોય છે. પરંતુ આજકાલ સુમસામ રસ્તાઓ પર જવલ્લે જ વાહનો નિકળતા હોવાથી આ ડાઘીયાઓ જે પણ વાહન નીકળે તેના પર હુમલો કરી દેતા જોવા મળ્યા છે.

રોડ પર રખડતી ગાયો પણ કોઈ પણ વ્યક્તિને જુએ તો તેન તરફ દોડી જતી હોય તેવું નોંધાયું છે. સામાન્ય રીતે આપણે ત્યાં ગાય-કુતરાને ખવરાવવાનો રીવાજ છે, પરંતુ એક તો લોકડાઉન અને ઉપરથી એવી પણ જાણકારી છે કે પ્રાણીઓમાં પણ કોવિડ વાયરસ ફેલાઈ રહ્યો છે. તેથી જીવદયા વાળા અમુકને છોડીને આમ જનતાએ પ્રાણીઓને ખોરાઅક નાખવાનું બંધ કરવાને લીધે પણ પ્રાણીઓના વર્તાનમાં ચિડીયાપણું આવ્યાનું અનુમાન છે.

ફ્રાન્સમાં લોકડાઉન દરમિયાન થયેલા સંશોધનમાં નોંધાયેલી એક વાત એ છે કે વાહનોની અવરજવર નહિવત હોવાને કારણે વન્યપ્રાણીઓ અને ખાસ કરીને પક્ષીઓના વર્તનમાં ઘણું પરિવર્તન આવ્યું છે. અગાઉ જે પક્ષીઓ માત્ર શની-રવિ વારની શાંતિના લીધે વધુ કલબલાટ કરતાં તે જ પક્ષીઓ લોકડાઉનની નિરવ શાંતિમાં મુક્ત મને ચહેકી રહેલા જોવા મળે છે.

ગાય-કુતરા તો સામાજિક પ્રાણી છે, માનવ સમાજના ડિડિસ્ટર્બન્સથી તેઓ ટેવાયેલા છે તેથી તેમના માટે શાંતિ ભર્યો માહોલ તેમની વર્તણૂંક માટે જવાબદાર પુરવાર થયો છે, જયારે વન્યપ્રાણીઓની બાબતમાં તેમના માટેનો ડરનો માહોલ દુર થયો છે તેથી તેઓ મનવ-વસાહતથી નજીક આવી રહ્યા છે.

# ટૉક ઓફ ધ ટાઉન - લોકડાઉન લંબાવાશે ?

**''તા. ૧૪મી એપ્રિલ પછી શું ?'' પાટનગરમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો : લોકડાઉન લંબાવાશે કે નહી તે અંગે શહેરીજનોમાં ભારે અવઢવ : ઘરમાં બેઠેલા નાગરિકો એકબીજાને ફોન પર સવાલ પુછી રહ્યાં છે**

ગાંધીનગર, તા. ૭

કોરોના... કોરોના... કોરોના... આ બધા શબ્દ જાણે અત્યારના સમયનો સૌથી વધુ બોલાતો અને લખાતો શબ્દ બની જવા પામ્યો છે. તે પણ માત્ર ચારેક માસના ટૂંકા ગાળામાં જ... કોરોના વાયરસે આખી દુનિયામાં ઉત્પાત મચાવ્યો છે અને લગભગ ૩૦૦ કરોડથી વધુ નાગરિકોને લૉકડાઈન કરી દીધા છે. ભારતમાં હંમેશા સામાજિક-ધાર્મિક અને પારિવારિક મેળાવડામાં જીવનારી પ્રજાને પણ કોરોના વાયરસે પોતપોતાના ઘરોમાં કેદ કરીને મુકી દીધા છે. આ સંજોગોમાં કેટલાંક નાગરિકોની હવે બે સપ્તાહ જેટલો સમય વીતવાને કારણે ધીરજ ખૂટી રહી છે અને તેઓ ઝડપથી લોકડાઉનનો અંત આવે તેવુ ઈચ્છી રહ્યાં છે. આ સ્થિતિમાં અત્યારે દરેક ઘરમાં અને એકબીજાના સ્નેહીજનો-મિત્રો સાથે ફોન પર તા. ૧૪મી એપ્રિલ પછી શું થશે ? લોકડાઉન લંબાવાશે કે તેનો અંત આવશે જેવી ચર્ચા ટૉક ઓફ ધ ટાઉન બની છે.

ભારતના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા તાજેતરમાં આ બાબતે નિર્દેશ આપવામાં આવ્યો હતો કે તા. ૧૪મી એપ્રિલ પછી લોકડાઉનને લંબાવાશે નહી. જોકે આ નિર્દેશ દિલ્હીના નિઝામુદ્દિન ખાતેના મરકઝના કેસો બહાર આવ્યા તે પહેલા આપવામાં આવ્યો હતો જયારે મરકઝની ઘટના પછી દેશભરમાં પહોંચી ગયેલા જમાતીઓના કારણે કોરોના પોઝિટીવ કેસોમાં આવેલા ઉછાળા પછી સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે દરેક નાગરિક જે અગાઉ કોરોના કટોકટીને ભારતમાં હળવાશથી લેતો હતો તે પણ હવે ચિંતાતુર છે જ્યારે સમગ્ર વ્યવસ્થાતંત્ર બમણાં વેગથી લડત આપી રહ્યું છે. આજે ભારતમાં કુલ ૧૨૪ દર્દીઓના મોત કોરોનાથી થઈ ચુક્યા છે જેમાંથી ૧૪ દર્દીઓ ગુજરાતના છે.

બીજી તરફ દેશમાં સવા ત્રણસોથી વધુ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે તે પણ એક આશાવાદ છે. કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયે લોકડાઉન બાબતે તા. ૧૪મી એપ્રિલ પછી કયા રાજ્યમાં કેવી પરિસ્થિતિ છે તેના આધારે નિર્ણય લેવાનો નિર્દેશ પણ આપ્યો છે.



## શહેરમાં આંશિક છુટછાટ મળશે કે વિસ્તાર અનુસાર ??

તા. ૧૪મી એપ્રિલ પછી દેશમાં લોકડાઉન ખતમ કરવામાં આવશે કે કેમ તે અંગે નાગરિકો અજબ-ગજબ તર્ક લડાવતા જોવા મળી રહ્યાં છે. કોઈકના મતે બે કે ત્રણ દિવસની છૂટ આપવામાં આવશે પછી ફરી ૨૮ દિવસ માટે લોકડાઉન લાગુ કરાશે જ્યારે કોઈકના મતે કોરોના ગ્રસ્ત દર્દીઓ તથા ક્વોરોન્ટાઈન રાખવલામાં આવેલા નાગરિકો કયા વિસ્તારમાં કેટલાં છે તેના આધારે વિસ્તાર મુજબ છૂટછાટ આપવામાં આવશે અને હાઈરીસ્ક એરિયાને સીલ કરી દેવામાં આવશે. જોકે આ તમામ નાગરિકોનો તર્ક માત્ર છે, સાચી સ્થિતિ તો જે તે વખતે સરકાર કે વ્યવસ્થાતંત્ર દ્વારા જાહેર કરવામાં આવશે તે મુજબ જ રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com